નોંધણી કાયદામાં સુધારા દાખલ કરતું વિધેયક વિધાનસભામાં આવશે

દસ્તાવેજ નોંધણી માટે રજૂ કરતી વખતે માલિકીના હક્કના પુરાવા આપવા પડશે

પાવર ઓફ એટર્નીથી જમીન-મિલકત પચાવનારા સામે કડક પગલાં: CM

। ગાંધીનગર । (પ્રતિનિધિ દ્વારા)

રાજ્યમાં મિલકતના દસ્તાવેજની નોંધણી ચોકસાઈપૂર્ણ, ભૂલચૂક વિનાની અને પારદર્શી બનાવવા માટે ભારતીય રજિસ્ટ્રેશન અધિનિયમ ૧૯૦૮ની કેટલીક જોગવાઈઓમાં સુધારા સૂચવતું વિધેયક વિધાનસભાના આવતા સત્રમાં પસાર કરવાનો સરકારે નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જાહેર કર્યુ છે કે, સામાન્ય નાગરિકો, ખેડૂતો, ધાર્મિક ટ્રસ્ટો, જાહેર ટ્રસ્ટો તેમજ સરકારી કે અર્ધસરકારી સંસ્થાઓની મિલકતો-જમીનો છેતરપિંડીથી હડપ કરનારા ભૂમાફિયા સામે કડક કાર્યવાહી કરવા માટે કાયદામાં સુધારો કરવામાં આવનારો છે.

પાવર ઓફ એટર્નીથી જમીન-મિલકત પચાવી પાડનારા સામે આ વિધેયકમાં એવી જોગવાઈ સૂચવાઈ છે કે, દસ્તાવેજ નોંધણી માટે રજૂ કરનારી વ્યક્તિએ હવે પોતે સદર મિલકતના માલિક હોવાના પુરાવા આપવા પડશે. દસ્તાવેજ નોંધણી વખતે હવે ખેતીની જમીન માટે ૭-૧૨ અને સિટી સર્વેની જમીન માટે પ્રોપર્ટી કાર્ડની વિગતો આપવાની રહેશે.

વ્યક્તિ પોતે વકીલની કે દસ્તાવેજ લખનારની મદદ વિના ઓનલાઈન ડ્રાફ્ટમાં જાતે ફેરફાર કરી શકશે.

સૂચિત વિધેયકમાં ત્રણ નવી કલમો દાખલ કરી શિક્ષા કે દંડની જોગવાઈ વધુ કડક બનાવાઈ છે, એટલે કે છેતરપિંડી આચનારને, પાવર ઓફ એટર્નીનો દુરુપયોગ કરનારને તેમજ ખોટી માહિતી આપી દસ્તાવેજ કરાવી લેનારને ૭ વર્ષની કેદ તેમજ મિલકતની બજાર કિંમત જેટલો જ દંડ અથવા બેઉ સજા કરવાની જોગવાઈ દાખલ કરાઈ છે.

ટ્રાયલ માટે મોકલેલા ધમણમાં ક્ષતિ હોવાથી નવું મંગાવેલું

રિપ્લેસ કરીને મોકલેલા ધમણમાં ખામીથી સયાજીમાં આગ લાગી

। વડોદરા ।

સયાજી હોસ્પિટલના કોવિડ વોર્ડમાં મંગળવારે રાત્રે ધમણ વેન્ટિલેટરમાં આગ ફાટી નીકળવાના પ્રકરણમાં ટ્રાયલ માટે મોકલેલા ધમણના રીડિંગ ખોટા આવતા રિપ્લેસ થઈને ટ્રાયલ માટે આવેલા ધમણ વેન્ટિલેટરમાં આગ ફાટી નીકળી હતી. આ અંગે ગાંધીનગરની FSLની પાંચ સભ્યોની ટીમે તપાસ હાથ ધરી છે.

સયાજી હોસ્પિટલમાં કોવિડ વોર્ડ માટે વેન્ટિલેટરની સંખ્યા વધારવામાં આવી હતી. જેમાં ધમણએ વેન્ટિલેટર નહી પરંતુ હાઈફલો ઓકિસજન મશીન છે તેવુ જણાવીને ડૉકટર સહિતના જાણકારો દ્વારા ધમણનો વિરોધ થયો હતો. ધમણમાં રીડિંગ ખોટા આવતા હતા. આ અંગેની જાણ કંપનીને કરાતા કંપનીએ ધમણ પરત લઈ લીધા હતા. બાદમાં રિપ્લેસ કરીને એક ધમણ વેન્ટિલેટર આપ્યું હતું. આ ધમણ વેન્ટિલેટરમાં ૮મીના રોજ રાત્રે ખામી સર્જાતા આગ ફાટી નીકળી હતી.

આઈસીયુ-૧માં લાગેલી આગની ઘટનાના સીસીટીવી ફૂટેજમાં ચોંકાવનારી વિગતો બહાર આવી રહી છે. ફાયર ઈઝ રેપીડ એક્ઝોથર્મિક કેમિકલ રીએક્શન વીચ ઈઝ એકોમ્પ્લીસ બાય હીટ, ફ્યુલ એન્ડ ઓક્સિજન એન્ડ સમ ટાઈમ્સ સાઉન્ડ. એનો મતલબ એ થાય છે કે કેટલીક વખત અવાજ આવવો એ આગ લાગવાના સંકેત છે.

ધમણમાં શું અપડેટ કર્યું તેની કોઈને ખબર નથી

ઉગ્ર લોકરોષના પગલે છેવટે માત્ર હાઈ-વે પૂરતી જ ડ્રાઈવનો નિર્ણય

સામી ચૂંટણીએ પ્રજાની નારાજગી ટાળવા ટ્રાફિકના હેલમેટ અભિયાનમાં હવે યુ-ટર્ન

સૂચના હાઈવેની હતી અને પોલીસે 'જંગ' છેડ્યો શહેરમાં ટુ-વ્હીલર્સ પર

। અમદાવાદ ।

ગાંધીનગરમાં યોજાયેલી ક્રાઈમ કોન્ફરન્સમાં અકસ્માતો ઘટાડવા અંગે ચર્ચા થઈ હતી. જોકે તેમાં અકસ્માત કરનાર હેવી વ્હિકલો સામે કોઈ કાર્યવાહી નહી પરંતુ ભોગનનાર ટુ વ્હિલર ચાલકો પર આગામી ૧૧ દિવસ સુધી તુટી પડી વધુમાં વધુ કેસો કરવા સ્ટેટ ટ્રાફિક બ્રાંચને આદેશ કર્યા હતા. જોકે ફક્ત ટુ વ્હિલર ચાલકોને ટાર્ગેટ બનાવવાનો પત્ર વાઈરલ થતાં લોકોનો રોષ સોશિયલ મિડિયા પર જોઈ સરકાર દ્વારા દબાણ આવતા રાજ્ય પોલીસ વડા આશિષ ભાટીયાએ યુ-ટર્ન માર્યો હતો. આ પરિપત્રમાં તમામને કામગીરી કરવા આદેશ હતો પરંતુ તેમણે ફક્ત હાઈવે પર જ અમલ થશે તેમ કહી બચાવ કર્યો હતો.

૮ સપ્ટેમ્બરે યોજાયેલી ક્રાઈમ કોન્ફરન્સમાં અકસ્માતમાં ઘટાડો લાવવા અને ટ્રાફિક નિયમન માટે ફક્ત હેલ્મેટના કેસો વધુમાં વધુ ૯ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર સુધી ડ્રાઈવ કરવા આદેશ કર્યા છે. જોકે સ્ટેટ ટ્રાફિક બ્રાંચે ફક્ત ટુ વ્હિલર ચાલકો પર જ કેસ કરવાનો પરિપત્ર બહાર પાડ્યો છે પરંતુ કાર, હેવી વ્હિકલ, ટ્રાવેલ્સ અને અન્ય વ્હિકલ સામે કોઈ કાર્યવાહી કરવાની વાત ન કરતા પોલીસે અન્ય વાહનોમાં નિષ્ક્રય બની છે. જોકે ફક્ત ટુ વ્હિલર ચાલકોને શહેરમાં ટ્રાફિક પોલીસ ટાર્ગેટ બનાવી તુટી પડતા લોકોમાં ભારે રોષ ફેલાયો હતો. લોકોનો રોષ જોઈ સરકારના આદેશથી પોલીસ વડા ભાટીયાએ આ પરિપત્રને ફેરવી તોળ્યો હતો. તેમણે સ્ટેટ ટ્રાફિક બ્રાંચને ઠપકો આપી, શહેરમાં આંતરીક નહી પણ ફક્ત હાઈવે પર હેલ્મેટની કામગીરી કરવા આદેશ કર્યો હોવાનુ ચર્ચાય છે. આ અંગે પ્રતિક્રિયા જણાવવા રાજ્ય પોલીસ વડાનો સંપર્ક કર્યો હતો પણ તેમણે ફોન ઉપાડવાની તસ્દી લીધી ન હતી.

બીજા રાજ્યોમાંથી મોટાપાયે ઉપાડ વધતાં ડે.CMનો નિર્ણય

ગુજરાતમાં ઉત્પાદકોએ દૈનિક ૩૫૦ ટન ઓક્સિજન રિઝર્વ રાખવો પડશે

કોરોનાના દર્દીઓને દરરોજ ૩૦૦ ટનથી વધુ ઓક્સિજનની જરૂર

। ગાંધીનગર ।

કોરોના વાઈરસના ચેપગ્રસ્તો માટે ગુજરાતમાં ઓક્સિજનની ખોટ ન વર્તાય એટલા માટે સરકારે રાજ્યમાં ઉત્પાદન થતા કુલ ઓક્સિજનના જથ્થા પૈકી દૈનિક ૩૫૦ ટન રિઝર્વ રાખવો આદેશ કર્યો છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે બુધવારે સાંજે આ નિર્ણય કર્યાનું જણાવ્યુ હતુ.

પાડોશના મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં કોરોનાના દર્દીઓ માટે ગુજરાતમાંથી ઓક્સિજન સપ્લાય થાય છે. રાજ્યમાં પ્રાઈવેટ કંપનીઓ દ્વારા રોજના ૭૫૦ ટન આસપાસ ઓક્સિજનનું ઉત્પાદન થયા છે. ગુજરાતમાં એક્ટિવ કેસોની સંખ્યા ૧૬ હજાર આસપાસ રહેતા સ્થાનિક સ્તરે કોવિડ હોસ્પિટલોમાં દૈનિક વપરાશ ૨૦૦ ટનથી વધીને ૩૦૦ ટને પહોંચી છે. આ સંજોગોમાં ગુજરાતમાં જ સ્થાનિક દર્દીઓની સારવાર માટે ઓક્સિજન સપ્લાય ખોરવાઈ નહી તે ઉદ્દેશ્યથી સરકારે ઉપરોક્ત નિર્ણય લીધો છે. નીતિન પટેલે કહ્યુ કે, ઓક્સિજનની તાતી જરૂર છે. હાલમાં દૈનિક વધુમાં વધુ ૩૦૦ ટન એટલે કે ૩૦ ટેન્કર ભરીને ઓક્સિજન જોઈએ છે. ભવિષ્યની જરૂરીયાતને ધ્યાને લઈને ગુજરાતના ઉત્પાદકોને દૈનિક ૩૫૦ ટન ઓક્સિજન અનામત રાખવો પડશે. તે સિવાયનો જથ્થો જ ગુજરાત બહાર સપ્લાય થઈ શકશે.

માગ વધતાં ઓક્સિજનના ભાવમાં 30 ટકાનો વધારો

શહેરની હોસ્પિટલોમાં ઓક્સિજનનો વપરાશ બમણો થતા ભાવમાં ૩૦ ટકાનો વધારો આવ્યો છે. ફેબ્રુઆરીમાં એક લિટર ઓક્સિજનનો ભાવ રૂ.૮.૫૦ હતો તે ઓગસ્ટ માસમાં વધીને રૂ.૨૫ થયો છે. કોરોના અગાઉ ૧૫થી ૨૦ બોટલ ઓક્સિજનનો વપરાશ રહેતો હતો તે કોરોના બાદ ૧૫૦ બોટલ સુધી પહોંચી ગયો છે. માગ વધતા ઉત્પાદકોએ સિલિન્ડર પર ઓછામાં ઓછો ૨૫ ટકા પ્રીમિયમ ચાર્જ લાદ્યો છે. અગાઉ માગ પ્રમાણે ઓક્સિજન મળી જતો હતો પરંતુ હવે ઓર્ડર આપવો પડે છે.

પાંચ દિવસ એપોલો હોસ્પિટલમાં ઓબ્ઝર્વેશનમાં

RT-PCRમાં પાટિલને કોરોના સંસદમાં સત્રારંભે ગેરહાજર

। ગાંધીનગર ।

એન્ટિજન ટેસ્ટ નેગેટિવ આવ્યા બાદ પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલે મંગળવારે HRCT ટેસ્ટ કરાવ્યો હતો. ફેફસામાં કોરોના વાઈરસનો ચેપ હોવાની શંકાને બુધવારે આવેલા RT-PCRના રિપોર્ટમાં સમર્થન મળ્યુ છે. આથી, પાંચ દિવસ માટે તેમને એપોલો હોસ્પિટલમાં ઓબ્ઝર્વેશનમાં હેઠળ રહેવુ પડશે. આ કારણોસર ૧૪ સપ્ટેમ્બરથી શરૂ થઈ રહેલા લોકસભાની બેઠકમાં પણ તેઓ હાજરી આપી શકશે નહી.

પોતાને કોરોના વાઈરસનો ચેપ લાગ્યાની પૃષ્ટી થયા બાદ સી.આર. પાટિલે એસિમ્ટોમેટિક હોવાનું જણાવીને ડોક્ટરોની સલાહ અનુસાર હોસ્પિટલમાં ઓબ્ઝર્વેશન હેઠળ હોવાનું કહ્યું હતું.

કોરોનાથી ચેપ લાગ્યા પછી ૧૪ દિવસ ક્વોરન્ટાઈનમાં રહેવુ અનિવાર્ય છે. આથી, નવસારીના સાંસદ તરીકે તેઓ ૨૩ સપ્ટેમ્બર સુધી લોકસભાના સત્રમાં ઉપસ્થિત રહી શકશે નહી. જો કે, ત્યારબાદ હાજર રહી શકે છે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું. પ્રદેશ ભાજપ અધ્યક્ષને કોરોના થતા તેમની ઉપસ્થિતિ સાથે આગામી સપ્તાહે યોજનારી બેઠકો, કાર્યક્રમો ઉપર પણ ૧૪ દિવસની બ્રેક વાગી છે. પ્રદેશ કાર્યલાયમાં ગત સપ્તાહે કાર્યાલય મંત્રી પછી મહિલા મોરચાના અધ્યક્ષ, પ્રદેશ પ્રવક્તા, અમદાવાદના સાંસદ, કર્મચારીઓ કુલ સાતને કોરોનો થયો છે.

ચૂંટણી આવતા સીએમને તૂટેલા રસ્તા યાદ આવ્યા

। ગાંધીનગર । (પ્રતિનિધિ દ્વારા)

બુધવારે યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ શહેરોના તૂટેલાં રસ્તા તાત્કાલિક રિપેર કરવા માટે શહેરી વિકાસ વિભાગને સૂચના આપી હતી. આને પગલે શહેરી તંત્રોને યુદ્ધના ધોરણે રસ્તા રિપેરિંગનું કાર્ય પૂરું કરવા તાકીદ કરાઈ છે.રાજ્યના મ્યુનિસિપલ કોર્પોરેશનો તથા નગરપાલિકાઓ સિવાયના ૯,૫૦૦ કિલોમીટર લંબાઈ જેટલા ખાડાવાળા રસ્તાઓ ૧૫ દિવસમાં રિપેર કરવા માટે માર્ગ-મકાન વિભાગને અગાઉ અપાયેલા અલ્ટિમેટલ પછી યુદ્ધના ધોરણે અત્યારે કામો ચાલી રહ્યાં છે. આશરે ૩,૩૦૦ કિલોમીટર લંબાઈના સ્ટેટ હાઈવે, ૫,૪૦૦ કિલોમીટરના લંબાઈના પંચાયત હેઠળના રસ્તા તેમજ ૩૦૦ કિલોમીટરના નેશનલ હાઈવે કે જેની દેખરેખ રાજ્ય હસ્તક છે, તેમાં મેટલથી ખાડા પૂરી પેચવર્ક તથા પેવરિંગ કરવાની કામગીરી પુરજોશમાં છે. વિભાગના સાતે ચીફ એન્જિનિયરોને ચાર, પાંચ જિલ્લાઓની સોંપણી કરી તેમની પાસેથી દૈનિક કામગીરીનો અહેવાલ મેળવાઈ રહ્યો છે.

ટૂંકી મુદતની ઓનલાઈન જાહેર નિવિદા-૩૫(૨૦૨૦-૨૧)
પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ, ગાંધીનગર (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)

અધિક્ષક ઈજનેરશ્રી, પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ, ૪થો માળ, પી.આઈ.યુ./આર.ડી.ડી./એન.એચ.એમ. બિલ્ડીંગ, સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ, ગાંધીનગર-૩૮૨૦૧૨ ફોન નં (૦૭૯) ૨૩૨૩૧૪૩૪ અને ફેક્સ નં. (૦૭૯) ૨૩૨૩૧૯૯૫ દ્વારા યોગ્ય લાયકાત ધરાવતા ઈજારદારો પાસેથી ૧ (એક) કામ જેની અંદાજીત કિંમત રૂા. ૬૯.૯૯ લાખ છે. જે કામ ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે. આ કામના ટેન્ડરનાં દસ્તાવેજો વેબસાઈટ www.nprocure.com ઉપર તા. ૧૮-૦૯-૨૦૨૦ ના ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. વધારાની વિગતો માટે ઉપર જણાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

નોંધ : ૧ ટેન્ડર ફી, ઈ.એમ. ડી. વિગેરે ઓરિજનલ ડોક્યુમેન્ટ, ઓનલાઈન સ્કેન કરી અપલોડ કરવાના અને ૭ (સાત) દિવસમાં આર.પી.એ.ડી. થી મોકલવાના રહેશે.

માહિતી/૮૩૪/૨૦-૨૧

જાહેર નિવિદા
જા.નં.૧/FM & PA System/TENDER/૦૧/૨૦૨૦

અધિક્ષકશ્રી અમદાવાદ મધ્યસ્થ જેલ, સેન્ટ્રલ જેલ રોડ, અમદાવાદ દ્વારા અમદાવાદ મધ્યસ્થ જેલમાં એફ.એમ. અને પબ્લીક એડ્રેસ સીસ્ટમ ના સપ્લાય, ઈન્સ્ટોલેશન સાથે સર્વિસ કરાર (તમામ સ્પેરપાર્ટસ તથા મેન પાવર સહિત) આપવા માટે ટેન્ડર (માત્ર ઇ-ટેન્ડરીંગ દ્વારા) આમંત્રિત કરવામાં આવે છે.

ટેન્ડરનું વર્ણન	ટેન્ડર ફી	ઇ.એમ.ડી (રૂ.)
એફ.એમ. અને પબ્લીક એડ્રેસ સીસ્ટમ ના સપ્લાય, ઈન્સ્ટોલેશન સાથે સર્વિસ કરાર (તમામ સ્પેરપાર્ટસ તથા મેન પાવર સહિત)	૧૫૦૦/-	૬૦,૦૦૦/-

વેબસાઇટ https://jail.nprocure.com અને https://nprocure.com ઉપરથી સંબંધિત દસ્તાવેજો ડાઉનલોડ કરી શકાશે. ઓનલાઇન ઇ-ટેન્ડરીંગથી ટેન્ડરો રજુ કરવાની સમયમર્યાદા તા.૧૬/૦૯/૨૦૨૦ના રોજ ૧૮-૦૦ કલાક સુધીની છે. ભૌતિક દસ્તાવેજો તા.૧૬/૦૯/૨૦૨૦ના ૧૮-૦૦ કલાક સુધી રજુ કરી શકાશે.

(રોહન આનંદ) IPS
અધિક્ષક
અમદાવાદ મધ્યસ્થ જેલ
અમદાવાદ

ક્રમાંક/સંમાનિ/અમદ/૫૯૭/૨૦૨૦

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ખેલની તૈયારી

ચૂંટણીઓમાં તોડ માટે 'આપ' બુટલેગરો અસામાજિકતત્ત્વોનાસહારાનીફિરાકમાં

વોટને બદલે નોટની રાજનીતિના ૨૦૧૭ની ચૂંટણીમાં પણ આક્ષેપ થયા હતા

। અમદાવાદ ।

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી નજીકના ભવિષ્યમાં યોજાવાની છે ત્યારે ગુજરાતમાં જેનું કોઈ ખાસ અસ્તિત્વ નથી તે અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટી (આપ)એ ચૂંટણી લડવાનું મન બનાવ્યું છે, ગુજરાતમાં આ પાર્ટી પાસે નથી કોઈ નેતા કે નથી કાર્યકરો, આ સ્થિતિમાં જે ગણ્યાગાંઠ્યા આપના આગેવાનો છે તેઓ ચૂંટણી જીતવા નહિ પરંતુ વોટ તોડવાની રાજનીતિના ઈરાદે તોડ કરવા-રોકડી કરી લેવા માટે અસામાજિક તત્વો-બુટલેગરોનો સહારો લેવાની પેરવીમાં છે, આમ આદમી પાર્ટીથી જુદા પડેલા કાર્યકરોમાં જ વહેતો થયેલો આ ગણગણાટ-આક્ષેપ રાજકીય વર્તુળોમાં જોરશોરથી ચર્ચાઈ રહ્યો છે.રાજકીય વર્તુળો કહે છે કે, ગુજરાતમાં છ મહાનગપાલિકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણીઓ આગામી સમયમાં યોજાવાની છે, કોરોનાના આ માહોલમાં ભાજપ-કોંગ્રેસે તો ચૂંટણીલક્ષી આંતરિક તૈયારીઓ શરૂ કરી દીધી છે, પણ ગુજરાતમાં આમ આદમી પાર્ટી પાસે કોઈ ખાસ કાર્યકરો-આગેવાનોની મોટી ફોજ નથી, સક્ષમ-મજબૂત નેતાઓના ઠેકાણાં નથી, ત્યારે કેટલાક વોર્ડમાં સ્થાનિક લોકો આપ માટે કામ કરવા તૈયાર થાય તે માટે ગણ્યાગાંઠ્યા આગેવાનો આજીજી કરવા માંડ્યા છે, જોકે લોકો તરફથી જાકારો મળી રહ્યો છે, આ સ્થિતિમાં હવે જે તે વોર્ડમાં જીતના ઈરાદે તો નહિ પરંતુ જ્યાં મુખ્ય બે પક્ષો વચ્ચે કાંટેની ટક્કર હોય, પાતળી બહુમતીથી બેઠક જીતાતી હોય, નવા સીમાંકન પછી કઈ બેઠક પર આ પ્રકારની સ્થિતિનું નિર્માણ થઈ શકે તેવી બેઠકો શોધીને, અસામાજિક તત્વો-બુટલેગરોનો ય સાથ લેવાની ફિરાકમાં છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીએ વર્ષ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ૩૦ જેટલી બેઠકો પરથી ઉમેદવારો ઉતાર્યા હતા, જોકે એકેય બેઠક જીતી નહોતી, મોટા ભાગના આપના ઉમેદવારોની ડિપોઝિટ ડૂલ થઈ હતી, એ વખતે આમ આદમી પાર્ટી સામે કેટલીક બેઠકો પર સોદાબાજી-તોડબાજીના ગંભીર આક્ષેપો થયા હતા.

બહુમતીના જોરે સરકાર ચાર દિવસમાં ૧૮ કાયદા બદલશે

ગાંધીનગર: કેબિનેટની બેઠકમાં ૨૧થી ૨૫ સપ્ટેમ્બર એમ પાંચ દિવસ માટે વિધાનસભાનું ચોમાસુ સત્ર યોજવા નિર્ણય લેવાયો છે. લોકસભાની જેમ ગુજરાત વિધાનસભામાં પણ પ્રશ્નકાળ રદ કરી દેવાયો છે. પહેલા દિવસે શોકપ્રસ્તાવ બાદ બેઠક મોકૂફ રહેશે. જ્યારે બાકીના ચાર દિવસમાં સરકાર ગુજરાતના નાગરીકોને સ્પર્શતા ૧૮ જેટલા કાયદાઓ બહુમતીના જોરે પસાર કરી લેશે. વૈધાનિક અને સંસદિય બાબતોના મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ ૨૧ સપ્ટેમ્બરથી શરૂ થનારા વિધાનસભાના પાંચ દિવસિય સત્ર અંગે માહિતી આપતા કહ્યુ કે, કોરોનાને કારણે આ સત્રમાં પ્રશ્નકાળ યોજાશે નહી. જો કે, ધારાસભ્યો ટૂંકી મુદતનો પ્રશ્ન પુછી શકશે. પહેલા દિવસે પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. પ્રણવ મુખર્જીને શોકાંજલિ આપીને ગૃહનું કામકાજ મોકુફ રાખવામાં આવશે. આ સત્રમાં કોરના કાળમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર કોરોના વોરિયર્સનું ઠરાવ સ્વરૂપે સન્માન કરાશે.

રાજ્યમાં ૮૦ સ્થળે CMનો 'સાત પગલાં' કાર્યક્રમ ખેડૂતોએ ભૂખ્યા પેટે ભેગા થવાનો વારો આવશે

। ગાંધીનગર ।

તાલુકા- જિલ્લા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ પહેલા ખેડૂતો, ગ્રામ્ય નાગરિકોમાં ભાજપ સરકાર પ્રત્યે રહેલો અણગમો, આક્રોશ ઠંડો પાડવા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ''સાત પગલા ખેડૂત કલ્યાણના'' એવા રૂપકડાં શબ્દ સંયોજને નવુ સુત્ર લોન્ચ કર્યુ છે. ગુરુવારે સવારે ૧૦ કલાકથી ૧૧-૩૦ કલાક દરમિયાન ત્રણ તાલુકે એક એમ રાજ્યમાં ૮૦ જેટલા સ્થળે કાર્યક્રમનું આયોજન કરાયું છે. જો કે, કાર્યક્રમ પૂરો થયા પછી બપોરના ભોજનની વ્યવસ્થા ન થતા ગામડાઓમાં આવનારા ખેડૂતોને ભુખ્યા રહેવુ પડે તો નવાઈ નહી.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સામાન્ય ચૂંટણીઓ પૂર્વે ખેડૂતો માટે બજેટમાં જાહેર કરેલી સાધન સહાય, વખાર સહાય સહિતની યોજનાઓમાં લાભાર્થીઓને ચેક વિતરણ કરવા સરકારે ''સાત પગલા ખેડૂત કલ્યાણના'' નામ સાથે કાર્યક્રમો નક્કી કર્યા છે.

APPOINTMENT *advantage*
Every : TUESDAY, THURSDAY & SATURDAY

Gujarat Alkalies and Chemicals Limited
(An ISO Certified Company) (Promoted by Govt. of Gujarat)
REGD. OFFICE: P. O. PETROCHEMICALS - 391346, DIST. VADODARA, GUJARAT, INDIA.
CIN No.: L24110GJ1973PLC002247
Promoting Green Technology

Sr. No.	Positions	Likely Posting
1	Officer (Safety) - On Contract	Dahej

Remuneration will commensurate with industry standard. For more details, please visit the website **www.gacl.com** or **www.gujaratalkalies.com** All interested and aspiring candidates may apply on-line within 10 days of publication of this advertisement.

The Gandhidham Mercantile Co-op.Bank Ltd.
INVITES
Application for the post of General Manager

Qualification	Minimum Graduation
Experience	At Least 20 Years of experience in Banking sector, out of which at least 5 years experience as Managerial cadre.
Age limit	At least 45 years.

Application along with photograph must reach at below address within 15 days

Address : GMCB Bhavan, Plot No.12, Sector-9,Gandhidham (Kutch)-370201
Email : info@gmcbank.org

એક્યુરેસી શિપિંગ લિમિટેડ
રજીસ્ટર્ડ ઓફિસ : એએસએલ હાઉસ, પ્લોટ નં.૧૧, સર્વે નં. ૪૨,
મેઘપર બોરિચી, અંજાર કચ્છ-૩૭૦૧૧૦, ગુજરાત, ભારત.
સીઆઈએન : L52321GJ2008PLC0553221
મેલ : admin@aslindia.net | વેબસાઈટ : www.aslindia.net

આથી આ **નોટિસ** કંપની ધારા, ૨૦૧૩ (ધ એક્ટ) ની કમલ ૧૦૮ અને કલમ ૧૧૦ ની જોગવાઈઓ તથા અન્ય લાગુ પડતી જોગવાઈઓ, જો હોય તો સહિત વંચાણે લીધેલ કંપનીઝ (સંચાલન અને વહીવટી) નિયમો, ૨૦૧૪ તથા ઈન્સ્ટીટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડીયા દ્વારા જારી કરાયેલ સ્ટાન્ડર્ડ -૨ (તેમાં કરાયેલ વૈદ્યાનીક સુધારા અથવા પુન: ઘડાયેલ કાયદો (દા) જે હાલમાં અમલમાં હોય) સહિત કંપની ધારા, ૨૦૧૩ હેઠળ કંપની દ્વારા પસાર કરાયેલા સામાન્ય અને વિશેષ ઠરાવોના સ્પષ્ટીકરણ સંબંધે તારીખ એપ્રિલ ૮,૨૦૨૦ નો સામાન્ય પરિપત્ર નં.૧૪/૨૦૨૦, તારીખ એપ્રિલ ૧૩,૨૦૨૦ નો સામાન્ય પરિપત્ર નં. ૧૭/૨૦૨૦, તથા તારીખ જૂન ૧૫,૨૦૨૦ નો સામાન્ય પરિપત્ર નં.૨૨/૨૦૨૦ વંચાણે લેતા તથા કોર્પોરેટ બાબતોનું મંત્રાલય, ભારત સરકાર (ધ એમસીએ પરિપત્રો) દ્વારા જારી કરાયેલ કોવિડ-૧૯ નાં જોખમને કારણે બનાવાયેલ નિયમોનાં અનુસંધાને તથા અન્ય લાગુ પડતા કાયદાઓ અને નિયમોનાં અનુસંધાને એક્યુરેસી શિપિંગ લિમિટેડ (ધ કંપની) તેના સભ્યો પાસેથી કંપનીનાં એનએસઈનાં ઈમર્જ પ્લેટફોર્મ પરથી એનએસઈના મેઈન બોર્ડ પર સ્થળાંતરીત થવા ઠરાવ પસાર કરી તા. જુલાઈ ૨૮, ૨૦૨૦ ની પોસ્ટલ બેલેટ નોટિસ દ્વારા સ્થાપિત) પરવાનગીની માંગણી કરે છે.

એમસીએ પરિપત્રની જરૂરિયાતોના અનુસંધાને આ પોસ્ટલ બેલેટની નોટિસની હાર્ડ કોપી પોસ્ટલ બેલેટ માટે મોકલાયેલ નથી અને સભ્યોને સુચિત કરવામાં આવે છે કે તેમણે તેમની સંમતિ અથવા સંમતિ માત્ર રિમોટ ઈ-વોટિંગ દ્વારા સૂચિત કરવાની રહેશે. કંપનીનાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તેમની મંગળવાર જુલાઈ ૨૮,૨૦૨૦ ના રોજ યોજાયેલ મિટીંગમાં સીએસ પીયૂષ પ્રજાપતિ, કંપની સેક્રેટરી, (સભ્યપદ નં. એપ૦૫૭૪, સી.પી.નં.૧૮૩૩૨) ને પોસ્ટલ બેલેટ (ઈ-વોટીંગ પ્રક્રિયા) ને યોગ્ય અને પારદર્શી રીતે યોજવા સ્ક્રુટિનાઈઝર તરીકે નિયુક્ત કરેલ છે.

વધુમાં, કોવિડ-૧૯ મહામારી દ્વારા લદાયેલ ભયના કારણે તથા એમસીએ પરિપત્રોની જરૂરીયાતનાં નિયમો મુજબ, આ પોસ્ટલ બેલેટ નોટિસ ઈ-મેલથી તમામ સભ્યો/લાભાર્થીઓ જેમના નામ સભ્યોના રજિસ્ટર/ડિપોઝિટરીઝનાં રેકોર્ડમાં શુક્રવાર, ઓગસ્ટ ૨૧, ૨૦૨૦ (કટ-ઓફ તારીખ)ના રોજ હોય અને જેમણે તેમનાં ઈ-મેલ સરનામાં સંબંધિત ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ દ્વારા ડિપોઝિટરી પાસે ઈલેક્ટ્રોનિક હોલ્ડિંગ્સ સંદર્ભે રજિસ્ટર કરાવ્યા હોય તેમને મોકલવામાં આવેલ છે. આ પોસ્ટલ બેલેટ નોટિસની નકલ કંપનીની વેબસાઈટ (https://www.aslindia.net/) પર તથા એનએસઈની વેબસાઈટ જેના પર કંપનીનાં ઈક્વિટી શેરો લિસ્ટિંગ થયા છે તેનાં સંબંધિત વિભાગમાં ઉપલબ્ધ છે.

જે સભ્યોનાં ઈ-મેલ સરનામાં કંપની અથવા સંબંધિત ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ દ્વારા ડિપોઝિટરી પાસે રજિસ્ટર થયેલ ન હોય અને સંજોગોમાં પોસ્ટલ બેલેટ નોટિસ ન મેળવી શકેલ હોય તે સંબંધિત ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ(સ) પાસે તેમનાં ઈ-મેલ રજિસ્ટર કરાવી શકે છે. ઈ-મેલના સફળતાપૂર્વક રજિસ્ટર થયા બાદ શેરધારક આ નોટિસની સોફટકોપિ તથા ઈ-વોટિંગની પ્રક્રિયા સહિત આ પોસ્ટલ બેલેટ માટે ઈ-વોટિંગને સક્રીય કરવા યૂઝર આઈડી અને પાસવર્ડ મેળવવાં કંપનીને investors@aslindia.net પર જણાવવાનું રહેશે. રિમોટ ઈ-વોટિંગ દ્વારા વોટ આપવાની રીત સમાવતી વિગતો માટે સભ્યોને પોસ્ટલ બેલેટ નોટિસમાં આપેલ સૂચનોને ધ્યાનથી અનુસરણ કરવા સૂચિત કરવામાં આવે છે.

સભ્યોને એ નોંધ લેવાનું સૂચિત કરવામાં આવે છે કે તેઓ પોસ્ટલ બેલેટ નોટિસમાં દર્શાવેલ ઠરાવ પર ઈ-વોટિંગનાં **માધ્યમથી ગુરૂવાર, સપ્ટેમ્બર ૧૦, ૨૦૨૦નાં રોજ સવારના ૯.૦૦ કલાક (ભા.મા.સ.)થી શરૂ કરીને શુક્રવાર, ઓક્ટોબર ૯, ૨૦૨૦ના રોજ સાંજના ૫.૦૦ કલાક (ભા.મા.સ.)** સુધી પોતાનો વોટ આપી શકે છે.

સભ્યો પાસેથી આ તારીખ અને સમય પછી મળેલ સંમતિ અથવા અસંમતિને ન મળેલ ઉત્તર તરીકે માનવામાં આવશે.

એક્યુરેસી શિપિંગ લિમિટેડ વતી
સહી/-
વિનય દીનાનાથ ત્રિપાઠી
મેનેજિંગ ડિરેક્ટર

સપ્ટેમ્બર ૧૦, ૨૦૨૦
કચ્છ

ADMISSION COMMITTEE FOR PROFESSIONAL COURSES
L.D. College of Engg. Campus, Navrangpura, Ahmedabad-380 015.
ACPC

Announcement for ONLINE ADMISSION PROGRAMME FOR MBA AND MCA POST GRADUATE (FULL TIME) PROGRAMMES: YEAR 2020-21

For admission in the first year of Master of Business Administration (MBA) and Master of Computer Application (MCA) on State quota seats which includes all sanctioned seats of Government & Grant-in-Aid Colleges, 50% seats of sanctioned intake & surrendered seats of management quota of unaided Colleges of Gujarat, the State Government has decided to carry out **web based online admission process** for the academic year 2020-21. **The online registration through internet is mandatory for eligible candidates for participating in the admission process.** The aspiring candidates not having internet facility can avail the same at Cyber Space Centres designated by admission committee without paying any charges. (The list is available on committee's website www.jacpcldce.ac.in)

Eligibility for Admission:
The aspiring candidate shall have appeared in CMAT examination 2020 conducted by NTA–prescribed AICTE and shall have passed qualifying examination with minimum 50% (45% for SC/ST/SEBC/EWS) for MBA and MCA course.

[A] For 95% seats of total sanctioned intake of Government/Grant-in-Aid Institutions and 50% of total sanctioned intake of unaided Institutions:
For MBA: A candidate shall have obtained minimum Qualification as mentioned above from recognized institutes/ universities duly stated in admission rules. For further details, please refer notifications related to admission rules issued by Government of Gujarat from time to time. All such notifications are available on the official website of committee.
For MCA: A candidate shall have passed the qualifying examination BCA/Bachelor Degree in Computer Science Engineering or Equivalent Degree OR Passed B.Sc/B.Com/B.A with Mathematics or Business Mathematics or Statistics at (10+2) level or at Graduation level (With Additional bridge courses as per norms of Concerned University) from recognized institutes/ universities duly stated in admission rules. For further details, please refer notifications related to admission rules issued by Government of Gujarat from time to time. All such notifications are available on the official website of committee.

[B] For 5% seats of total sanctioned intake of Government/Grant-in-Aid Institutions:
A candidate shall have obtained minimum Qualification as mentioned above from institutes/ universities located in India (excluding Gujarat State) duly affiliated with any recognized university. For further details please refer notifications related to admission rules issued by Government of Gujarat from time to time. All such notifications are available on the official website of committee.
Note: Candidate, who has appeared in qualifying examination and result is awaited/ pending, can also apply. However merit number in such case will be given only if the mark sheet of qualifying examination is submitted/uploaded within the scheduled time limit as specified by committee. Candidates are required to make updates in response to e-mail or SMS sent by ACPC on their register mobile number regarding pending documents.

Registration Process:
- The online admission registration will start from 10/9/2020 (From 1:00 PM onwards) to 1/10/2020.
- The candidate shall have to complete the registration process by uploading all relevant documents and paying registration fees (non-refundable) of INR 350/- for MBA or MCA course and Rs.500/- (for applying for Both MBA & MCA course) through online mode only.
- Candidates seeking admission through admission committee for academic year 2020-21, shall have to register online on website www.gujacpc.nic.in to become eligible for further admission process. Please note that no other means of registration are available.
- There is no need to submit or verify any document in person. The entire admission process is completely online.
- The candidates are advised to visit the admission committee website, and Log-in to online admission portal through their User ID and password for checking various announcements, verification process and other guidelines on day to day basis.
- Tuition Fee Weaver (TFW) as supernumerary seat is available for admission year 2020-21 for MBA-MCA course as per AICTE norms. Family income must not exceed INR 8 lakh for TFW seats. Students from any category can opt for admission under this scheme with valid income certificate.
- Candidates can obtain information like detailed notification of course, Advertisement, Video of document uploading, All type of announcement/Notice, steps for entire process of online registration, last year cut-off, institute details, List of designated Cyber Space Centres, Admission schedule, Merit list, Allotment Result and All updated information related to admission process on the website www.jacpcldce.ac.in .
- Candidate can register online through the website www.gujacpc.nic.in . Candidate must use this web site for payment of registration fees, choice filling, admission confirmation, payment of Token tuition fees for admission confirmation and for admission cancellation through candidate login ID and password.
- Designated Cyber Space Centres are for providing free of cost online access for registration and document uploading (Time: 11:00AM to 5:00 PM for all working days). Candidate need not submit any physical documents at Cyber Space Centre.
- All the aspiring candidates are advised to check the website www.jacpcldce.ac.in from time to time for all the latest information and updates regarding admission process.

Dt. 10/9/2020 ક્રમાંક/સંમાનિ/અમદ/૫૯૮/૨૦૨૦ – Member Secretary

Help Line No. : 079-26566000